Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-6, Continuous Issue-36, March - April 2026

# 'વન્યરાગ' : ગ્રામ્યજીવન અને તળપદી સંવેદનાઓનું આલેખન

ગુજરાતી સાહિત્યમાં ગ્રામીણ અને ડુંગરાળ પ્રદેશની તળપદી સંવેદનાઓને નિરૂપવામાં પ્રભુદાસ પટેલનું નામ નોંધપાત્ર છે. તેમની પાસેથી 'વન્યરાગ' અને 'દેવચકલી' એમ બે વાર્તાસંગ્રહો મળે છે. તેમનો વાર્તાસંગ્રહ 'વન્યરાગ' (પ્રથમ આવૃત્તિ ૨૦૧૪) ગ્રામ્યજીવનની સામાજિક વાસ્તવિકતા, માનવીય સંબંધોની જટિલતા, કુરિવાજો, શોષણ અને અસ્તિત્વના સંઘર્ષનું અત્યંત સૂક્ષ્મ અને કલાત્મક આલેખન કરે છે. સર્જકે પોતાના પાત્રોના ભીતરી મનોવ્યાપારોને ઉઘાડીને વાચકો સમક્ષ સમાજનું એક વરવું છતાં સત્ય ચિત્ર રજૂ કર્યું છે. ડુંગરાળ પ્રદેશની બોલીનો સજીવ અને સશક્ત વિનિયોગ આ વાર્તાઓની જમાપાસું છે. સંગ્રહની પ્રત્યેક વાર્તા પોતાનામાં એક આગવો વિષય અને સંવેદના લઈને આવે છે. આ સંગ્રહની પસંદગીની વાર્તાઓનું અધ્યયન નીચે મુજબ જોઈએ:

'ઉજાસ'

આ વાર્તાના કેન્દ્રમાં ધનજી નામનો નાયક છે, જે પોતાના જ વિચારો અને શંકાઓના વાવાઝોડામાં ફસાયેલો છે. પોતાની પત્ની સતુ અને ભાઈ લખમણના નિર્દોષ સંબંધો પ્રત્યે તેના મનમાં શંકાના બીજ રોપાય છે. ગોરી નામની સ્ત્રી દ્વારા મરાયેલા મ્હેણાંથી તેની શંકાને બળ મળે છે. "હાળાં પારકાં ઓય તોય મન મનાવાય, પાં..ણ પોતાનાં સ દઝાડે તો ક્યાં જઈને જીવડો ટાઢો પાડવો ?" (પેજ. 63) - આ વિચાર તેના આંતરિક દ્વંદ્વને છતો કરે છે.

સર્જકે અહીં શંકાશીલ માનસનું બારીક વર્ણન કર્યું છે. ધનજી પોતાની પત્ની સતુના વર્તનને શંકાની નજરે જુએ છે, પરંતુ તે સતુ કે લખમણને સીધું કહી શકતો નથી. આ આંતરિક ગડમથલ તેના રોજિંદા જીવન પર અસર કરે છે. તે કામમાં ધ્યાન આપી શકતો નથી અને ચિડચિડિયો બની જાય છે. જ્યારે તે સતુને લખમણને રોટલો આપતા જુએ છે, ત્યારે તેના મનમાં ક્રોધ અને ઈર્ષ્યા ભભૂકી ઊઠે છે.

વાર્તાનો અંત આંતરિક ઉજાસ તરફ લઈ જાય છે. ધનજીને પોતાના પિતા મનજી ભગતના માર્મિક શબ્દો યાદ આવે છે: "બેટા, હવ હવનો (સૌનો) ઇસાબ રાખવાવાળી ધરતીમાતા બેઠી છે. પછે તને હું ચંત્યા ? તું જીવ ટૂંકો નીં કર." (પેજ. 66). આ ઉપરાંત, પિતા દ્વારા કહેવાયેલી બ્રહ્માજીની વાર્તા તેને સમજાવે છે કે માનવીય સ્વભાવ અત્યંત જટિલ છે અને ભ્રમણામાં પડવું માનવસહજ છે. આ સમજણથી ધનજીના મનનો અંધકાર દૂર થાય છે અને તેના ભીતરમાં ઉજાસ પથરાય છે.

'ખાખી જીવડાં'

'ખાખી જીવડાં' વાર્તા ગ્રામ્ય સમાજની વિધવા સ્ત્રી પ્રત્યેની સંકુચિત માનસિકતાનું વરવું ચિત્ર રજૂ કરે છે. શનુ, જેના પતિ પરભુનું મૃત્યુ થયું છે, તેના પર કુટુંબીઓ દ્વારા નાતરું (પુનર્લગ્ન) કરવા માટે અસહ્ય દબાણ લાવવામાં આવે છે. સમાજ જાણે તેની જિંદગીના નિર્ણયો લેવા તત્પર છે.

શનુના મનમાં સતત ઉચાટ અને ભય છે. તે કુટુંબીઓની હિલચાલને શંકાની નજરે જુએ છે. "ઉ બીજે નઈ જાઉં... ઉં નાતરું નઈ કરું" (પેજ. 72) - આ વાક્ય તેની દ્રઢતા દર્શાવે છે. પરંતુ સામાજિક દબાણ એટલું તીવ્ર છે કે તે ક્યારેક હતાશ પણ થઈ જાય છે. સમાજના લોકોના ટોણાં અને દબાણથી ત્રસ્ત શનુને એવા 'ખાખી જીવડાં'ના દ્રશ્યો દેખાય છે જે તેને કરડી રહ્યા હોય. આ જીવડાં સમાજના વિકૃત અને દમનકારી તત્વોનું પ્રતીક છે.

વાર્તાનો અંત અત્યંત નાટ્યાત્મક અને વિદ્રોહી છે. શનુ સામાજિક દબાણ સામે ઝૂકવાને બદલે અગ્નિ લઈને બળવો કરે છે. તે સળગતા ઘાસના પૂળા સાથે પુરુષો પર ધસી જાય છે અને તેમને ભગાડી મૂકે છે: "એ જીવડાંને બાળો... એ જીવડાંને બાળી નાંખો" (પેજ. 75). આ કાળઝાળ રૂપ સ્ત્રીની સહનશીલતા તૂટ્યા પછીના આક્રોશ અને પોતાના અસ્તિત્વને બચાવવાની પ્રચંડ ઝંખનાનું પ્રતીક છે.

'તું આને ય લાયક ખરો ?'

આ વાર્તા 'પોપટ' નામના કથાનાયક અને કાન્તા નામની સ્ત્રીના પાત્રો દ્વારા સમાજમાં પ્રવર્તતા પૂર્વગ્રહોનું આલેખન કરે છે. કાન્તાના પતિ પશાના મૃત્યુ પછી, સમાજ અને સ્વયં કથાનાયક પણ કાન્તાના ચારિત્ર્ય પર શંકા કરે છે. કથાનાયક કાન્તાના શ્વેત વસ્ત્રોને બદલે કાળા વસ્ત્રો પહેરવા અને ઘરેણાં ન હોવાને શંકાની નજરે જુએ છે.

જ્યારે કાન્તા રડતાં રડતાં પોતાની વ્યથા અને જગલા દ્વારા થયેલી છેતરપિંડીની વાત કરે છે, ત્યારે કથાનાયકને પોતાની ભૂલ સમજાય છે. કાન્તા સમાજની કઠોરતા પર કટાક્ષ કરે છે: "પોતાનાં વૉય ઈને તો બળ્યા વ'ના ના જ રહે પોપટ, પાંણ એક વાત કેઉં? આપડાં લોક કરતાં તે જેલ શ્યુ ખોટી ?" (પેજ. 84). આ વાક્ય સમાજ દ્વારા સ્ત્રી પર લાદવામાં આવતા લાંછન અને તેની પીડાનું સચોટ વર્ણન કરે છે.

વાર્તાના અંતમાં કથાનાયકનો આંતરિક અવાજ તેને સવાલ કરે છે: 'તું આને ય લાયક ખરો?' આ સવાલ પુરુષપ્રધાન માનસિકતાના પશ્ચાત્તાપ અને સાચી સંવેદનાને ઓળખવામાં થયેલી નિષ્ફળતાનો સ્વીકાર દર્શાવે છે.

'દીકરી'

આ વાર્તા વાલજી નામના પિતાની આસપાસ ફરે છે, જેણે ગામ અને પોતાની પત્ની શનુના વિરોધ છતાં પોતાની દીકરી દેવલીને શહેરમાં ભણાવી. પરંતુ દેવલીના અચાનક ભાગી જવાથી વાલજીના સપના અને આબરૂ ધૂળધાણી થઈ જાય છે. ભણતર અને આધુનિકતા સામે રૂઢિચુસ્ત પિતાની હતાશા તેના આ

વિચારમાં પ્રગટ થાય છે: "શનુ, તું હાચ્ચું કેત્તી તી કે ભણેલાં ગોફણના પાણા જેવાં, આજે ઉં આરી ગ્યો ને તું જીતી ગઈ." (પેજ. 86-87). આ વાક્ય પરંપરાગત સમાજમાં આધુનિક શિક્ષણ પ્રત્યેનો ભય અને અણવિશ્વાસ દર્શાવે છે.

દેવલીના ભાગી જવાથી વાલજીના કુટુંબની આબરૂ દાવ પર લાગે છે. તે પોતાના ઘરના જ તોરણો તોડવા લાગે છે અને ગુસ્સામાં તાડૂકે છે. પરંતુ આ જ સમયે, ગામ અને કુટુંબની એકતા પણ જોવા મળે છે. ભત્રીજી કમળા આ કટોકટીના સમયે પોતાની જાતને આગળ કરીને કુટુંબની આબરૂ બચાવી લે છે. આ ઘટના ગ્રામ્ય કુટુંબવ્યવસ્થામાં રહેલી સહાનુભૂતિ અને બલિદાનની ભાવનાને ઉજાગર કરે છે.

'વેર'

ભેમા મુખીના પાત્ર દ્વારા સર્જકે ગ્રામ્ય રાજકારણ અને અંગત વેરવૃત્તિનું વરવું ચિત્ર રજૂ કર્યું છે. ભેમા મુખી પોતાની યુવાનીમાં રૂપલી નામની સ્ત્રીને પામી શક્યો ન હતો, જે કાવજી સાથે ભાગી ગઈ હતી. રૂપલીના રહસ્યમય મૃત્યુનો લાભ ઉઠાવીને ભેમા મુખી કાવજી પર પોતાનો ગુસ્સો ઉતારે છે. ન્યાયના નામે તે પોતાનું અંગત વેર વાળે છે. "માંણહ હાટે માંણહ, પાંણ તેલ ને તેલની ધાર જોઈને." (પેજ. 101) - આ સંવાદ ભેમાની ક્રૂરતા અને વેરવૃત્તિની પરાકાષ્ઠા દર્શાવે છે.

વાર્તામાં સ્પષ્ટ થાય છે કે વેરની આગમાં નિર્દોષ લોકોનો ભોગ લેવાય છે. રૂપલીનું મૃત્યુ માત્ર એક નિમિત્ત બને છે અને ગ્રામ્ય પંચાયતના નામે ટોળું કાવજીના ઘર પર તૂટી પડે છે. અહીં ન્યાય અને માનવતાનું હનન થાય છે અને સત્તાનો દુરુપયોગ જોવા મળે છે.

'થીંગડું'

ગૌરીના પાત્ર દ્વારા ગ્રામીણ સ્ત્રીના દારુણ જીવનનું નિરૂપણ થયું છે. ગૌરીના નાતરા (બીજા લગ્ન) પછી તેનો પતિ ચંદુ દારૂડિયો અને અત્યાચારી સાબિત થાય છે. ગૌરી પોતાની પીડા અને પસંદગીની ભૂલ પર પશ્ચાત્તાપ કરે છે: "ભર્યા ભર્યા જીવતરમાં થીંગડું મારવાનું ના સૂઝ્યું ઓત તો ?" (પેજ. 110). આ વાક્ય તેના જીવનમાં આવેલા આ 'થીંગડાં' સમાન સંબંધની નિરર્થકતા દર્શાવે છે.

ગૌરી અત્યાચાર સહન કરતી રહે છે, પરંતુ જ્યારે ચંદુની બગડેલી દાનત તેની દીકરી મીના પર પડે છે, ત્યારે ગૌરીની સહનશીલતા તૂટી જાય છે. પોતાની દીકરીને બચાવવા માટે ગૌરી અત્યંત કઠોર નિર્ણય લે છે અને જુલમી પતિને જીવતો સળગાવી દે છે. આ માત્ર હત્યા નથી, પરંતુ પિતૃસત્તાક સમાજના દમન અને અત્યાચાર સામે સ્ત્રીશક્તિનો ચરમસીમાનો બળવો છે.

'મને ખુલ્લું આકાશ જોઈએ'

આ વાર્તા આદિવાસી સમાજના રૂઢિચુસ્ત પરંતુ પ્રભાવશાળી પિતા શનાભાઈ અને આધુનિક વિચારો ધરાવતી કૉલેજિયન દીકરી કિરણ વચ્ચેના વૈચારિક સંઘર્ષની વાર્તા છે. શનાભાઈ પોતાની મરજી મુજબ કિરણના લગ્ન કરાવવા માંગે છે, જ્યારે કિરણ પોતાની પસંદગીના યુવાન 'આકાશ' સાથે લગ્ન કરવા ઈચ્છે છે.

કિરણ પોતાની સ્વતંત્રતા અને પસંદગીના અધિકાર માટે મક્કમતાથી ઊભી રહે છે. "પપ્પા, મને ખુલ્લું આકાશ જોઈએ... મને મારો આકાશ જોઈએ." (પેજ. 121) - કિરણના મનનો આ પોકાર માત્ર 'આકાશ' નામના યુવાન માટેની ઝંખના જ નથી, પરંતુ સામાજિક બંધનોમાંથી મુક્તિ અને સ્વતંત્ર જીવન જીવવાની પ્રબળ ઇચ્છાનું પ્રતીક છે. આ વાર્તા પરંપરા અને આધુનિકતાના દ્વંદ્વને અસરકારક રીતે રજૂ કરે છે.

'ભાગિયો'

મણિ નામની સ્ત્રીના જીવનના સંઘર્ષોની આ કથા છે. લગ્ન પછી સાસરીમાં સેટલ થવામાં પડતી મુશ્કેલીઓ, પિયર જતા રહેવું, નાતપંચ સમક્ષ છૂટાછેડાની માંગણી અને ત્યારબાદ ફરીથી પતિ ગલોજી સાથે સંબંધોની પુનઃસ્થાપના - આ બધું મણિના જીવનની અસ્થિરતા દર્શાવે છે.

ગલોજીના આકસ્મિક મૃત્યુ પછી, મણિને પોતાના અસ્તિત્વનો સાચો અર્થ સમજાય છે. ખેતી માટે ભાગિયા તરીકે ચેલોજી કામ કરે છે, પરંતુ મણિનો અંતરાત્મા એક સણસણતો પ્રશ્ન કરે છે: "જમીનની હેતીમાં તો ભાગિયો ચેલોજી ખરા પણ તારા મનખાનો ભાગિયો કોણ?" (પેજ. 139). આ પ્રશ્ન સ્ત્રીના એકલવાયા જીવનની ભયાનક વાસ્તવિકતા અને તેના સામાજિક સ્થાનની વિડંબનાને ખુલ્લી પાડે છે.

'કૂતરાં હું ખોટાં ?'

આ વાર્તા જંગલની જમીન પરના અધિકાર માટે આદિવાસીઓના સંઘર્ષને વાચા આપે છે. ભીખલો અને ગામલોકો પોતાના હક માટે લડે છે, પરંતુ રાજકારણીઓ અને વન-અધિકારીઓ ચાલાકીથી તેમને છેતરે છે. થોડા જુવાનોને નોકરી આપીને આખી લડતને વેચી મારવામાં આવે છે.

ભીખલાને જ્યારે નક્સલવાદી ચીતરવામાં આવે છે અને પોલીસ દ્વારા પકડવામાં આવે છે, ત્યારે તેનો કૂતરો ભૂરીયો તેના માલિકના રક્ષણ માટે ધસી જાય છે, જ્યારે ગામના લોકો મૂકપ્રેક્ષક બની રહે છે. ત્યારે ભીખલો વ્યવસ્થા અને સમાજના સ્વાર્થીપણાના મોઢા પર થૂંકતા કહે છે: "તમાં કરતાં તે કૂતરાં હૂં ખોટાં ?" (પેજ. 153). આ વાક્ય દંભી અને સ્વાર્થી માનવસમાજ કરતા પશુઓની વફાદારીને ઉચ્ચ સ્થાને મૂકે છે અને પ્રસ્થાપિત વ્યવસ્થા સામેના પ્રચંડ આક્રોશને વાચા આપે છે.

પ્રભુદાસ પટેલનો 'વન્યરાગ' વાર્તાસંગ્રહ માત્ર ગ્રામ્યજીવનનું ચિત્રણ નથી કરતો, પરંતુ તે માનવીય સંબંધો, સામાજિક કુરિવાજો, સ્ત્રીઓની પીડા અને શોષિત વર્ગના સંઘર્ષોનું એક મનોવૈજ્ઞાનિક અને સમાજશાસ્ત્રીય દસ્તાવેજ પણ પૂરો પાડે છે. તળપદી ભાષા, જીવંત પાત્રો અને માર્મિક સંવાદો આ વાર્તાઓને

ગુજરાતી સાહિત્યમાં એક વિશિષ્ટ સ્થાન અપાવે છે. સર્જકે ક્યાંય કૃત્રિમતા કે ઉપદેશાત્મકતા લાવ્યા વિના, સામાજિક વાસ્તવિકતાને તેની સંપૂર્ણ નગ્નતા અને સચ્ચાઈ સાથે રજૂ કરી છે.

(વન્યરાગ, પ્રભુદાસ પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ ૨૦૧૪, બીજી સંવર્ધિત આવૃત્તિ, ૨૦૧૯)


સંદર્ભ ગ્રંથ :

અભિપ્રેત, ગણપત સોઢા, પ્રણવ પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ, ૨૦૨૦.

સમકાલીન ગુજરાતી નવલિકા, ભરત મહેતા. પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ, ૨૦૨૨.


---


ડૉ. કૃપાબેન હસમુખભાઈ પટેલ

શેખપુર(ખે) પ્રાથમિક શાળા,

ગામ - શેખપુર(ખે), તાલુકો - વડનગર

જિલ્લો – મહેસાણા, પિન નં. - 384325